Gujarati

# હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ - છેતરપિંડી અને અમે તે કેવી રીતે રોકી શકીએ છીએ તે વિશેની માર્ગદર્શિકા

**Housing Benefit and Council Tax Benefit – a guide to fraud and how we can prevent it**

હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટની છેતરપિંડી (ફ્રોડ) શું છે અને તે રોકવા માટે આપણે સાથે મળીને કેવી રીતે કામ કરી શકીએ તે આ પત્રિકા સમજાવે છે. તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે માટેના નિયમો એકસરખા જ છે. તમારું મકાન જ્યાં હોય તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની જો તમને ખબર ન હોય, તો આ માહિતી તમારા કાઉન્સિલ ટેક્સ બિલ પરથી મેળવી શકાશે.

## હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટની છેતરપિંડી શું છે?
## What is Housing Benefit and Council Tax Benefit fraud?

બેનિફિટોની છેતરપિંડી (ફ્રોડ) એટલે જ્યારે કોઈ વ્યક્તિ એવી માહિતીના આધાર પર બેનિફિટનો ક્લેઈમ કરે જે માહિતી ખોટી કે જૂઠી હોવાની તેમને ખબર હોય. જો બેનિફિટનો ક્લેઈમ કરી રહેલી વ્યક્તિના સંજોગોમાં એવા ફેરફારો થયા હોય જેના લીધે તેમના હકના બેનિફિટની રકમમાં ઘટાડો થઈ શકે તેમ હોય અને તે સંજોગો વિશે જો તે વ્યક્તિ અમને જાણ ન કરે તો પણ તે ક્લેઈમમાં છેતરપિંડી કરવામાં આવી હોવાનું ગણાય છે. કેટલીકવાર, બેનિફિટનો ક્લેઈમ કરી રહેલી વ્યક્તિ પોતે જ બેનિફિટની છેતરપિંડી માટે જવાબદાર હોય છે અને કેટલીકવાર તેમના મકાનમાલિક, એમ્પ્લોયર, કોઈ પ્રતિનિધિ અથવા બેનિફિટનું એપ્લિકેશન ફોર્મ ભરવામાં મદદ કરનારી બીજી કોઈ વ્યક્તિએ પણ કદાચ તેમાં મદદ કરી હોય.

બેનિફિટની છેતરપિંડી કાનૂની અપરાધ છે. જો અમને લાગે કે કોઈ વ્યક્તિ જે માટે હકદાર ન હોય તેવા બેનિફિટનો ક્લેઈમ કરી રહી છે, તો આના માટે ખાસ ફાળવવામાં આવેલી અમારી ટીમ તેમની તપાસ કરશે. જો તે વ્યક્તિ છેતરપિંડી કરી રહી હોવાના પુરાવા અમને મળશે, તો અમે કદાચ તેમના પર કાનૂની પગલાં લઈ શકીએ, તેમણે દંડ ચૂકવવો પડે અથવા તેમને ઔપચારિક ચેતવણી, જેને 'કોશન' કહેવાય છે તે આપવામાં આવી શકે. કોઈ પણ સંજોગોમાં, જેટલી રકમનો વધારાનો બેનિફિટ ચૂકવવામાં આવ્યો હશે તે બધી જ રકમ અમે પાછી વસૂલ કરવાનો પ્રયાસ કરીશું. અમુક સંજોગોમાં, જો બીજા પૈસા અથવા અસ્ક્યામતો પણ ગુનાની કમાણી હોવાનું અમારું માનવું હશે, તો તે પણ અમે જપ્ત કરી લઈએ એવું બને.

## હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટની છેતરપિંડી રોકવાનું શા માટે અગત્યનું છે?
## Why is it important to stop Housing Benefit and Council Tax Benefit fraud?

બેનિફિટોની છેરપિંડીને કારણે કરદાતાઓને વર્ષે અંદાજે £2 બિલિયનનો ખર્ચ ભોગવવો પડે છે. આ પૈસા અન્ય આવશ્યક સેવાઓ ઉપર વાપરી શકાય તેમ છે. છેતરપિંડીઓને કારણે તમારે કેટલો કાઉન્સિલ ટેક્સ અને ઈન્કમ ટેક્સ ભરવો પડશે અને આપણા સમાજની અંદર કેટલા પ્રમાણમાં સંસાધનો ઉપલબ્ધ કરી શકાશે તેના પર અસરો પડે છે.

છેતરપિંડી અને દુરૂપયોગ સામે બેનિફિટના પૈસાનું રક્ષણ કરવાની અમારી ફરજ છે. છેતરપિંડીની તપાસ કરવાની પણ અમારી ફરજ છે અને આ અમે કેટલી સારી રીતે કરીએ છીએ તેનું સરકાર માપ રાખે છે.

## બેનિફિટના ક્લેઈમોમાં થતી છેતરપિંડીઓ રોકવામાં મદદ માટે શું કરવામાં આવી રહ્યું છે?
## What is being done to help stop fraud in benefit claims?

અમારી ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ટીમ (છેતરપિંડીની તપાસ કરતા અધિકારીઓની ટુકડી) બેનિફિટોની છેતરપિંડી ઓછી કરવા માટે અન્ય સંસ્થાઓ સાથે ઘણી નજીકથી કામ કરે છે. તેઓ ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સ તેમજ આસપાસની કાઉન્સિલો સાથે મળીને સંયુક્ત રીતે તપાસ કરે છે અને ક્યારેક તે તપાસકાર્યોમાં પોલીસ, બોર્ડર એજન્સી તેમજ એચ.એમ. રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ વિભાગ પણ સંકળાઈ શકે છે.

અમે 'ડેટા મેચિંગ'ની પ્રક્રિયાઓમાં (વિગત માહિતીઓ એકબીજા સાથે સરખાવીને મેળ બેસાડવો) પણ સંકળાયેલાં છીએ, જેમાંથી મોટાભાગની કાર્યવાહીઓ હાઉસિંગ બેનિફિટ મેચિંગ સર્વિસ તેમજ સ્કોટલેન્ડમાં ઓડિટ સ્કોટલેન્ડ સહિત - ઓડિટ કમિશનના નેશનલ ફ્રોડ ઈનિશ્યેટિવ દ્વારા કરવામાં આવે છે, જેઓ જાહેર ઓથોરિટીઓ તેમજ ખાનગી કંપનીઓ દ્વારા રાખવામાં આવતી માહિતી તપાસે છે. જે કોઈ માહિતીનો મેળ બેસતો ન હોય તેની તપાસ કરવા માટે તેને લાગતીવળગતી ઓથોરિટી પાસે મોકલી આપવામાં આવે છે.

અમે બેનિફિટની છેતરપિંડીના તમામ આરોપોની તપાસ કરીએ છીએ. જો અમારી તપાસમાં દેખાશે કે કોઈ વ્યક્તિ છેતરપિંડી કરી રહી છે, તો અમે તે વ્યક્તિના અંગત સંજોગો અને કેસ કેટલો ગંભીર છે તેના આધારે તે વ્યક્તિ અથવા તેમાં સંડોવાયેલાં લોકો સામે કાનૂની કાર્યવાહી ચલાવવાનો અથવા બીજાં કોઈ પગલાં લેવાનો વિચાર કરીશું. અમારો નિર્ણય અમારી બેનિફિટ ફ્રોડ સેંક્શન્સ પોલિસી અનુસાર લેવામાં આવશે.

## હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટને લગતી કેવા પ્રકારની છેતરપિંડીઓ કરવામાં આવતી હોય છે?
## What types of Housing Benefit and Council Tax Benefit fraud are there?

કેટલાક સામાન્ય પ્રકારના છેતરપિંડીના ક્લેઈમો નીચે જણાવેલા છે.

- **પોતાના પાર્ટનર (જીવનસાથી), સગા, મિત્ર અથવા લોજર મકાનમાં રહેતાં હોવાની કે મકાન છોડીને જતાં રહ્યાં હોવાની લોકો અમને જાણ ન કરે**

કોઈ અમને તેમના ઘરમાં બીજું કોઈ રહેતું હોવાનું અથવા ઘરમાંથી જતાં રહ્યાં હોવાનું ન કહે, તો આ છેતરપિંડી છે કારણ કે તેના લીધે તેમના બેનિફિટની હકપાત્રતા પર અસર થશે.

- **પોતે કામ કરતાં હોવાનું, તેઓ કેટલા કલાક કામ કરે છે અથવા તેઓ કેટલા પૈસા કમાય છે તેની લોકો અમને જાણ ન કરે**

જો બેનિફિટનો ક્લેઈમ કરતી કોઈ વ્યક્તિ પોતે કામ કરતી હોય જેના કારણે તે જોબસીકર્સ અલાવન્સ અથવા ઈન્કમ સપોર્ટ જેવા બેનિફિટ મેળવવા માટે હકદાર ન બનતી હોય તેની અમને જાણ ન કરે, તો તે છેતરપિંડી કરે છે. એવું પણ બની શકે કે તેમણે અમને જણાવેલું હોય તેના કરતાં વધારે કલાકો માટે તેઓ કામ કરતાં હોય અથવા વધારે પૈસા કમાતાં હોય.

- **પોતાની બધી જ બચતો અને રોકાણો વિશે લોકો અમને જાણ ન કરે**

જ્યારે કોઈ વ્યક્તિ અમને તેમના બેન્ક અથવા બિલ્ડિંગ સોસાઈટીના બધા જ અકાઉન્ટો, રોકડ રકમ, સ્ટોક અને શેર તેમજ અન્ય પ્રકારની બચતો વિશે ન જણાવે જેના લીધે તેમના બેનિફિટની હકપાત્રતા ઉપર અસર પડવાની હોય.

- **યુકે અથવા વિદેશમાં રહેલી પોતાની માલિકીની મિલકતો વિશે લોકો અમને જાણ ન કરે**

આ પ્રકારની છેતરપિંડીમાં બેનિફિટનો ક્લેઈમ કરી રહેલી વ્યક્તિ તેમની માલિકીની હોય તેવી કોઈ મિલકત અથવા જમીન વિશે અમને જાણ કરતી નથી (જેના માટે તેમને કદાચ ભાડું પણ મળી રહ્યું હોય.).

- **લોકો જે ઘર પેટા ભાડે આપેલું હોય અથવા જ્યાં તેઓ રહેતાં ન હોય તે ઘર માટે બેનિફિટનો ક્લેઈમ કરતાં હોય**

જ્યારે કોઈ વ્યક્તિ પોતે જ્યાં ન રહેતી હોય અથવા જે ઘર તેણે બીજાં કોઈને પેટા ભાડે આપેલું હોય તે ઘર માટે બેનિફિટનો ક્લેઈમ કરે ત્યારે આ પ્રકારની છેતરપિંડી થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ એવા ઘર માટે બેનિફિટનો ક્લેઈમ કરે જે હોય જ નહિ અથવા જ્યાં તેમણે ભાડું ચૂકવવું પડતું ન હોય ત્યારે પણ આવી છેતરપિંડી કરી હોવાનું ગણાય છે. આ પ્રકારની છેતરપિંડી મકાનમાલિક અથવા અન્ય ભાડૂતોની મદદ અને સંડોવણીથી પણ કરવામાં આવતી હોય છે.

- **મકાન ખાલી કરીને બીજે જતાં રહ્યાં પછી પણ તે મકાન માટે લોકો બેનિફિટનો ક્લેઈમ કરવાનું ચાલુ રાખે**

જો કોઈ વ્યક્તિ પોતે ઘર બદલ્યું હોવાનું અમને કહે નહિ, પરંતુ પોતાના તે અગાઉના ઘર માટે હાઉસિંગ બેનિફિટના પેયમેન્ટો લેવાનું ચાલુ રાખે, તો તેઓ છેતરપિંડી કરે છે.

- **લોકો અમને પોતાની બધી જ આવકની પૂરેપૂરી વિગતો ન આપે**

જ્યારે બેનિફિટનો ક્લેઈમ કરી રહેલી વ્યક્તિ અમને તેમની આવક વિશે અથવા તેમને મળતી રકમમાં થયેલા ફેરફારો વિશે બધી જ વિગતો ન આપે, કારણ કે તેના લીધે તેમની બેનિફિટની હકપાત્રતા પર અસર પડતી હોય, તો તે છેતરપિંડી કહેવાય છે. આવકમાં પેન્શનો (કામ પરથી મળતા અને પ્રાઈવેટ બંને પ્રકારનાં પેન્શનો), ટેક્સ ક્રેડિટો, વિદ્યાર્થીને મળેલી લોનો, ગ્રાન્ટ (નાણાં સહાય) અથવા બર્સરીઓનો પણ સમાવેશ થાય છે.

- **લોકો જેના માટે હાઉસિંગ બેનિફિટનો ક્લેઈમ કરી રહ્યાં હોય તે મકાન તેમની પોતાની, તેમનાં બાળકોના પિતાની અથવા કોઈ સગાની માલિકીનું છે તે વાત તેઓ અમને ન જણાવે**

જો ક્લેઈમ કરી રહેલી વ્યક્તિ પોતે અથવા તેમનાં કોઈ પણ બાળકના પિતા તે મકાનના માલિક હોય તો તેના માટે અમે હાઉસિંગ બેનિફિટ ચૂકવી શકીએ નહિ, આથી જ્યારે બેનિફિટનો ક્લેઈમ કરતી વ્યક્તિ પોતે મકાનની માલિક હોવાનું અમને ન કહે, અથવા મકાન કોની માલિકીનું છે તે વ્યક્તિ વિશે અમને સાચી હકીકત ન જણાવે, તો તેઓ આ પ્રકારની છેતરપિંડી કરે છે. અમુક સંજોગોમાં જ્યારે ક્લેઈમ કરી રહેલી વ્યક્તિના કોઈ સગા જ મકાનના માલિક હોય ત્યારે પણ આ લાગુ પડે છે .

## મને લાગે છે કે કોઈ બેનિફિટની છેતરપિંડી કરી રહ્યું હોવાની મને ખબર છે - મારે શું કરવું જોઈએ?
## I think I know someone who is committing benefit fraud – what should I do?

તમે અમને તેની જાણ કરો તે અગત્યનું છે. જો તમને શંકા જાય કે કોઈ વ્યક્તિ બેનિફિટની છેતરપિંડી કરી રહી છે, તો અમે તમારી વાત સાંભળવા માગીએ છીએ.

- તમે તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરી શકો છો (તમારી સ્થાનિક કાઉન્સિલનું નામ તમને તમારા કાઉન્સિલ ટેક્સ બિલ પરથી મળી શકશે).

તમે નેશનલ બેનિફિટ ફ્રોડ હોટલાઈનને ફ્રીફોન 0800 328 6340 પર અથવા 0800 854440 પર અથવા વેલ્શ ભાષાં બોલનારાં 0800 678 3722 પર ફોન કરી શકો છો.

- તમે અહીં ઓનલાઈન ફોર્મ ભરી શકો છો www.secure.dwp.gov.uk/benefitfraud/.

## મારે કઈ માહિતી આપવાની જરૂર પડશે?
## What information do I need to give?

કાયદો કહે છે કે બેનિફિટની છેતરપિંડી માટે કોઈની સામે તપાસ કરવાનું વાજબી કારણ હોવું જરૂરી છે - આથી તમારે નીચે જણાવેલામાંથી બની શકે તેટલી વધારે માહિતી અમને આપવાની જરૂર પડશે.

- જે લોકો છેતરપિંડી કરી રહ્યાં હોવાનું તમારું માનવું હોય તે લોકોનાં નામ
- તેમનાં સરનામાં
- બીજું કોઈ સંડોવાયેલું હોય તો તેમની વિગતો
- સંડોવાયેલાં લોકોનાં વર્ણન, જેમ કે તેમની ઊંચાઈ, બાંધો અને વાળનો રંગ
- તેમનાં વાહનોનાં વર્ણનો, વાહનની નંબર પ્લેટ તેમજ રંગો સહિત
- છેતરપિંડી થઈ રહી હોવાની તમને શા માટે શંકા છે અને તે લોકો શું કરી રહ્યાં હોવાનું તમારું માનવું છે
- તે લોકો જે કામ કરતાં હોય તેની વિગતો, કામનો પ્રકાર, તેમનાં એમ્પ્લોયરોનાં નામ, સરનામાં તેઓ કેટલા કલાકો કામ કરે છે અને કેટલા પૈસા કમાય છે તેની વિગતો સહિત
- અમને કદાચ જાણ કરવામાં ન આવી હોય તેવા તેમના કોઈ પાર્ટનર (જીવનસાથી)ની વિગતો, તેમનાં નામ, વર્ણન, રોજગાર અને તેઓ કયા સમયે મકાનમાં આવે છે અને ક્યારે ત્યાંથી જાય છે તેની વિગતો સહિત
- તેઓ ખૂબ પૈસા વાપરતાં હોવાની વિગતો, જે કદાચ બેનિફિટ પર હોય તેવી વ્યક્તિને પોસાઈ ન શકે એમ તમારું માનવું હોય

## મારે મારું નામ આપવું પડશે?
## Do I have to give my name?

તમે ઈચ્છો તો તમારા સંપર્કની વિગતો નહિ આપવાનું પસંદ કરી શકો છો, પરંતુ તમે કોણ છો તે જો તમે અમને કહેશો તો જો અમારે કદાચ કોઈ પ્રશ્નો પૂછવા હોય તો તમારો સંપર્ક કરવામાં અમને મદદ થશે.

## હું આપીશ તે માહિતીનું શું થશે?
## What happens with the information I give?

અમારી ફ્રોડ ઈન્વેસ્ટિગેશન ટીમ તમે આપેલી માહિતી જોશે. તે માહિતી તેઓ ખાનગી રાખશે.

જો પૂરતી માહિતી હશે, તો અમે તે વ્યક્તિના બેનિફિટના ક્લેઈમની તપાસ કરીશું. આ તપાસમાં કદાચ થોડો સમય લાગી શકે અને તમે આપેલી માહિતીના પરિણામે ટીમને શું જાણવા મળ્યું છે તે તેઓ તમને કહી શકશે નહિ.

## તમે શું પગલાં લેશો?
## What action will you take?

કેટલીકવાર અમે કોઈ પગલાં નહિ લઈએ, કારણ કે તે વ્યક્તિ કદાચ બેનિફિટની છેતરપિંડી નહિ કરી રહી હોય. દાખલા તરીકે, બની શકે કે તે વ્યક્તિએ અમને પહેલેથી જણાવી દીધું હોય કે તેઓ કામ કરી રહ્યાં છે પરંતુ તેની તેમના બેનિફિટ પર કોઈ અસર નહિ પડતી હોય. કામ કરતાં હોય પરંતુ જેમની આવક ઓછી હોય તેવાં લોકોને હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ચૂકવી શકાય છે.

જો વ્યક્તિ બેનિફિટની છેતરપિંડી કરી રહી હોવાની અમને ખબર પડશે તો જ અમે પગલાં લઈશું. તે પગલાંમાં તે વ્યક્તિના બેનિફિટો બંધ કરી દેવામાં આવે, તેમની પાસેથી દંડ વસૂલ કરવામાં આવે અને તેમને કોર્ટમાં લઈ જવામાં આવી શકે, જેના કારણે તેમને જેલ સજા પણ થઈ શકે છે.

## મને વધારે સલાહ ક્યાથી મળી શકે?
## Where can I get more advice?
જો તમને વધારે મદદ કે સલાહ જોઈતી હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો. સંપર્કની વિગતો તમને તમારા કાઉન્સિલ ટેક્સ બિલ પરથી અથવા તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળી શકશે.

## નેશનલ ફ્રોડ હોટલાઈન
## National Fraud Hotline

આ સરનામે લખોઃ
National Fraud Hotline
PO Box 647
Preston
PR1 1WA.

ફ્રીફોનઃ 0800 328 6340

વેબસાઈટઃ www.targetingfraud.gov.uk

## સ્વતંત્ર સલાહ
## Independent advic
જો તમને સ્વતંત્ર સલાહ જોઈતી હોય તો તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોનો સંપર્ક કરો. તેમનો ફોન નંબર અને અન્ય સ્થાનિક સલાહ સંસ્થાઓના નંબરો તમને તમારી સ્થાનિક ફોન બુકમાંથી, સ્થાનિક લાઈબ્રેરીમાંથી અથવા અમારો સંપર્ક કરવાથી મળી શકશે.

## અન્ય સ્વરૂપો
## Other formats
આ પુસ્તિકામાં આપેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં તેમજ અન્ય ભાષાઓમાં મળી શકે છે. ઓનલાઈન પરથી તેનું ઓડિયો સ્વરૂપ પણ મેળવી શકાય છે.
વધારે માહિતી માટે અમારી આ વેબસાઈટ www.benefit-leaflets.org જુઓ.